# ૭. હું એવો ગુજરાતી

### વિનોદ જોશી

૧૩ ઑગસ્ટ, ૧૯૫૫ના રોજ અમરેલીના ભોરિંગડા ગામે તેમનો જન્મ થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ બોટાદમાં તથા માધ્યમિક શિક્ષણ સુરેન્દ્રનગરમાં લીધું હતું. ઉચ્ચશિક્ષણ બોટાદ અને ભાવનગરમાં લીધું. પ્રાધ્યાપક વિનોદ જોશી ભાવનગર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર રહી ચૂક્યા છે.

તેમના જાણીતા સંગ્રહોમાં 'પરંતુ', 'શિખંડી', 'ઝાલર વાગે જૂઠડી' વગેરે ઉલ્લેખનીય છે. આ સંગ્રહોમાં દીર્ઘકાવ્યો તથા ગીતોનો સમાવેશ થયો છે. જયન્ત પાઠક પુરસ્કાર, કવિશ્વર દલપતરામ એવોર્ડ, સાહિત્ય ગૌરવ પુરસ્કાર, નરસિંહ મહેતા પુરસ્કાર જેવા અનેક સન્માનોથી તેઓ સન્માનિત થયા છે.

### સૂર કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં ગુજરાત રાજ્યની વિશેષતા અને ગુજરાતી લોકોની વિશેષતા તેમજ ગરિમાનું કવિએ ખૂબજ સરળ ભાષામાં વર્ણન કર્યું છે. જે રીતે ગુજરાત રાજ્યને પ્રકૃતિએ નદી, પહાડ, રણ, સમુદ્ર જેવી ભેટ આપી છે તે જ રીતે ગુજરાતી પ્રજા પણ ખમીરવંતી છે. ગાંધીજી અને સરદાર જેવાં રત્નો ગુજરાતે જ ભારતમાતાને અર્પણ કર્યાં છે. તે રત્નોની જ્યોત સમગ્ર વિશ્વમાં આજે પણ ઝળહળી રહી છે. સંતોએ પણ ગુજરાતની ગરિમા સાથે સાંસ્કૃતિક વારસો આપવામાં ક્યાંય પાછી પાની કરી નથી.

સૌથી વધારે અગત્યની વાત એટલે ગુજરાતી હોવાનું પ્રાદેશિક અભિમાન નહિ પણ ભારતમાતાના સંતાન હોવાનું ગૌરવ એ જ ગુજરાતની ખરી લાક્ષણિકતા – મહાનતા છે એ આ કાવ્ય સ્પષ્ટ કરે છે.

હું એવો ગુજરાતી,
જેની;
હું ગુજરાતી એ જ વાતથી ગજ ગજ ફૂલે છાતી...
અંગે અંગે વહે નર્મદા, શ્વાસોમાં મહીસાગર,
અરવલ્લીનો પિંડ, પ્રાણમાં ધબકે છે રત્નાકર;
હું સાવજની ત્રાડ, હું જ ગરવી ભાષા લચકાતી ...હું એવો ગુજરાતી

નવરાત્રિનો ગર્ભદીપ હું, હું શત્રુંજય-શૃંગ,
સૂર્યમંદિરે ગુજરતો હું ધવલ તેજનો ભૃંગ;
હું ગિરનારી ગોખ, દ્વારિકા હું જ સુધારસ પાતી ...હું એવો ગુજરાતી

દુહા-છંદની હું રમઝટ, હું ભગવું ભગવું ધ્યાન,
મીરાંની કરતાલ હું જ, હું નિત્ય એક આખ્યાન;
વિજાણંદનું હું જંતર, હું નરસૈંની પરભાતી ...હું એવો ગુજરાતી

હું ગાંધીનું મૌન, હું જ સરદાર તણી છું હાક,
હું જ સત્યનું આયુધ જેની દિગ્દિગંતમાં ધાક;
હું સંતોનું સૌમ્ય સ્મિત, તલવાર શૂરની તાતી ...હું એવો ગુજરાતી

હું મારી માટીનો જાયો, હું ગુર્જર અવતાર,
મારે શિર ભારતમાતાની આશિષનો વિસ્તાર;
હું કેવળ હું હોઉં છતાં, હું સદા હોઉં મહાજાતિ ...હું એવો ગુજરાતી

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કાવ્યનું અધ્યાપન કરાવવાની શરૂઆત કરતાં પહેલાં ગુજરાત રાજ્યની, ગુજરાતી પ્રજાની વિશેષતાઓ બાબત સમૂહચર્ચા કરવી. સાંઈરામ દવે લિખિત ગુજરાત વિશેના સાહિત્યનો પરિચય કરાવવો અને તે વાંચવા માટે પ્રેરિત કરવા. ગુજરાતની કલાઓ વિશે માહિતી આપવા સાથે કલાકારો વિશે ચર્ચા કરવી.

ભારતીય સંસ્કૃતિના મૂળમાં રહેલો ગુજરાતનો સાંસ્કૃતિક વારસો જાળવવા માટે વિદ્યાર્થીઓને પ્રેરણા આપવી. દેશ-વિદેશમાં ગુજરાતીઓના ડંકા વાગી રહે છે તેમાં ઐતિહાસિક નેતાઓની જેમ વેપારીઓ અને કલાકારો તેમજ વૈજ્ઞાનિકોનું યોગદાન પણ અનન્ય છે તેની માહિતી આપવી. લઘુપ્રશ્નોની મદદથી કાવ્યની પંક્તિઓ સ્પષ્ટ કરવી - અર્થાત્ સરળ શબ્દોમાં કાવ્યનો ભાવાર્થ સમજાવવો.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) સમુદ્ર (૨) હથિયાર (૩) સિંહ (૪) ભમરો
(૫) માથું (૬) સફેદ (૭) શિખર (૮) જાદુ

**સ. ૨. કાવ્યમાંથી ઓછામાં ઓછા ૧૦ (દસ) જોડાક્ષરયુક્ત શબ્દો શોધીને લખો.**

**સ. ૩. નીચેના શબ્દોના પ્રાસયુક્ત શબ્દો કાવ્યમાંથી શોધીને લખો :** (૧) ધ્યાન (૨) શૃંગ (૩) હાક

**સ. ૪. શબ્દસમૂહ માટે એક શબ્દ કૌંસમાંથી પસંદ કરો.** [પિંડ, દ્વારિકા, કરતાલ, આખ્યાન, પ્રભાતિયું]

(૧) હાથ વડે તાળી આપવી તે, ઝાંઝ, કાંસી જોડાં -
(૨) ભાવને શબ્દરૂપે રજૂ કરતું પદ, કથા -
(૩) સવારમાં ગાવાનું એક પ્રકારનું પદ -
(૪) કૃષ્ણની રાજધાની -
(૫) પિતૃઓ નિમિત્તે લોટ કે ભાતનો વાળેલો ગોળો -

**સ. ૫. કાવ્યમાં આપેલા નામ લખો :**

(૧) નદી - (૨) પર્વત - (૩) નેતા - (૪) સંતકવિ - (૫) તહેવાર - (૬) તીર્થસ્થળ -

**સ. ૬. કાવ્યપંક્તિમાં ખૂટતાં શબ્દો લખો :**

(૧) હું _____ એ જ વાતથી _____ ફૂલે છાતી.
(૨) હું ગિરનારી ____ દ્વારિકા હું જ ____ પાતી.
(૩) મીરાંની ______ હું જ, હું _____ એક આખ્યાન.
(૪) હું મારી _____ નો જાયો, હું ____ અવતાર.

**સ. ૭.** **નીચેની પંક્તિમાંથી ખોટા શબ્દો શોધી રેખાંક્તિ કરો અને સાચા શબ્દો લખો :**

(૧) વિજાણંદનું હું જંતર, તું નરસૈંની રાત્રિ -
(૨) હું જ સત્યનું આયુધ જેની દિગ્દિગંતમાં હાક -
(૪) હું સાવજની ત્રાડ, હું જ ગરવી ભાષા મચકાતી-
(૩) દુહા-છંદની હું રમઝટ હું ભગવું ભગવું માન-

**સ. ૮.** **નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) ગુજરાતની ધરતીમાં નર્મદા અને મહીસાગરનું પાણી ખમીર બનીને વહે છે.
(૨) દીવાના મૂળસ્રોત સમા નવરાત્રિનું પ્રતીક અને શત્રુંજય પર્વતના શિખરની જેમ ગુજરાત ઉર્ધ્વગામી છે.
(૩) ગુજરાત સાધુની જેમ ધ્યાન ધરી શકે છે અને છંદ તેમજ દુહાની રમઝટ પણ બોલાવી શકે છે.
(૪) ગાંધીજીના સત્યના હથિયારની દશે દિશાઓમાં બોલ-બાલા છે.

**સ. ૯.** **કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.**

**સંભાષણ** ★ દરેકના પોતાના વતનની વિશેષતાઓ વિશે વર્ગમાં સામૂહિક ચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ ગુજરાતના જોવાલાયક સ્થળોના ચિત્રો લગાડી તેની નીચે સંક્ષિપ્ત માહિતી લખી ચાર્ટ બનાવો.

## ભાષિક સમજ

★ **કાવ્યમાંથી યોગ્ય વિશેષણ શોધીને લખો :** (૧) _____ ભાષા (૨) _____ સ્મિત (૩) ____ તેજ

★ **'નું' નું યોગ્ય રૂપ લખો :** (૧) અરવલ્લી ___ પિંડ (૨) સાવજ ____ ત્રાડ (૩) વિજાણંદ ___ જંતર (૪) નરસિંહ ____ પ્રભાતિયાં

★ **વચન બદલો :** (૧) સાવજ (૨) ભાષાઓ (૩) દુહો (૪) અમે (૫) પ્રભાતિયું (૬) આયુધો

### હું વાંચું ......... તમે પણ વાંચો.

### એવી આ ગુજરાતી છે

દેશ હોય કે વિદેશ પણ, મારી ભાષા મારી ઓળખ છે,
નસ-નસમાં ગુજરાતી સૌરભ, બે કાંઠે છલકાતી છે.
એવી આ ગુજરાતી છે.
માતૃભૂમિ હો, માતૃભાષા હો, જન્મ દેનારી માતા હો,
જે એથી શરમાયા એથી, સભ્યતા પણ શરમાતી છે.
એવી આ ગુજરાતી છે.
આજ કરો સૌ સાથ પ્રતિજ્ઞા, 'મા'નું થાયે ના અપમાન,
ગરવથી બોલો સૌ સંગાથે, મારી ભાષા ગુજરાતી છે...
એવી આ ગુજરાતી છે.

– તુષાર શુક્લ

સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી,
મળી માતૃભાષા મને ગુજરાતી.

8R5QXH